C

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ
આવરી લેવાયેલ જીલ્લાઓમાં જીલ્લા
આદિજાતિ વિકાસ મંડળની રચના બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ટીએપી- ૧૦૯૮- ૧૪૩- છ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮-૭-૧૯૯૮

વંચાણે લીધો

૧. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૨૭-૪-૯૮ નો પત્ર ક્રમાંકઃ ટીડી' આજન-૧ વશી- ૨૬૭-૯૮

ઠરાવ

આદિજાતિ વિકાસ વિભાગના તા.૩-૭-૯૭ ના ઠરાવ ક્રમાંકઃ ટીએપી- ૧૦૯૨- ૧૯૨૮- છ થી રાજ્યમાં '' ગુજરાત પેટર્ન '' દાખલ કરવાનો નિર્ણય રાજ્ય સરકાર ધ્વારા લેવામાં આવ્યો છે. આ ઠરાવમાં નકકી કરાયેલ સિધ્ધાંતો પ્રમાણે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રાજ્ય સરકારના વિવિધ વિભાગો ધ્વારા અમલમાં મૂકાતી યોજનાઓ પૈકી ૮૦ ટકા જેટલી રકમની યોજનાઓનું આયોજન જીલ્લા કક્ષાએ થાય તેવું પણ નકકી કરવામાં આવેલ છે.

૨. છેલ્લા કેટલાક વર્ષોના અનુભવ પરથી એવું જણાયું છે કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગો ધ્વારા અમલમાં મૂકવામાં આવતી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની યોજનાઓ જે તે વિસ્તારમાં રહેતાં આદિજાતિના લોકોની જરુરીયાત અને અપેક્ષાઓ સાથે સુસંગત હોવી જરુરી છે. આ સંજોગોમાં અમલીકરણ વિભાગોના જીલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ ધ્વારા જે તે જીલ્લાઓના ચુંટાયેલા પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો જીલ્લાના નિષ્ણાંત તજ્જ્ઞો અને જીલ્લાઓમાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો સાથે બેઠકો યોજીને, ચર્ચા - વિચારણા કરી જે તે વિસ્તારના આદિવાસી લોકોને ખરેખર કયા પ્રકારની/વ્યક્તિલક્ષી યોજના, ક્ષેત્રિય વિકાસની યોજના, માળખાગત વિકાસની યોજના, પાયાની ન્યુનતમ સગવડોની જરુરીયાત છે તે નકકી કરવામાં આવે અને રાજ્ય સરકારના દરેક વહીવટી વિભાગો ધ્વારા જુદી જુદી યોજનાઓમાંથી કઈ યોજનાઓને અગ્રતા આપવી જોઈએ તે નકકી કરવામાં અને આયોજનની આ પ્રક્રિયામાં સરકારશ્રીના પ્રયાસોમાં સહભાગીદા- માટે સમગ્ર જીલ્લામાં અમલમાં મૂકાતી યોજનાઓનું ઘડતર, અમલીકરણ અને અસરકારક

...૨..

સંકલન અંગેના પ્રશ્નોનો અભ્યાસ કરી, યોગ્ય સુચનો કરવા તથા સમીક્ષા થાય તે હેતુને લક્ષમાં રાખીને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ જીલ્લાઓમાં " જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ " સ્થાપવાનો નિર્ણય લેવામાં આવે છે.

૩. " જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ "ના અધ્યક્ષપદે જે તે જીલ્લાના પ્રભારી મંત્રીશ્રી રહેશે.

" જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ " માં નીચે મુજબના સભ્યોને નિયુક્ત કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રભારી મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી | ઉપાધ્યક્ષશ્રી |
| ૩. જીલ્લા કલેક્ટરશ્રી | સહ ઉપાધ્યક્ષશ્રી |
| ૪. જીલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૫. જીલ્લાના સંસદ સભ્યશ્રીઓ | " |
| ૬. જીલ્લાના ધારાસભ્યશ્રીઓ | " |
| ૭. જીલ્લા ન્યાય સમિતિના ચેરમેનશ્રી | " |
| ૮. તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ( આદિવાસી તાલુકાનાં) | " |
| ૯. મધ્યસ્થ સહકારી બેંકના અધ્યક્ષશ્રી | " |
| ૧૦. જીલ્લા કક્ષાએ આદિવાસીઓના ઉત્કર્ષ અંગે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાના બે પ્રતિનિધિ ( સરકાર ધ્વારા નિયુક્ત) | " |
| ૧૧. શૈક્ષણિક / સંશોધન સંસ્થાના બે તજ્ઞો | " |
| ૧૨. જીલ્લાની બે આદિવાસી મહિલા આગેવાનો | " |
| ૧૩. વિભાગ/ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરીના એક પ્રતિનિધિ | " |
| ૧૪. નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી | " |
| ૧૫. જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર | " |
| ૧૬. જીલ્લાની લીડ બેંકના મેનેજરશ્રી | " |
| ૧૭. તકેદારી અધિકારીશ્રી વર્ગ '-૧ | " |
| ૧૮. જીલ્લા આયોજન અધિકારીશ્રી | " |
| ૧૯. જીલ્લા આંકડા અધિકારીશ્રી | " |
| ૨૦. પ્રાયોજના વહીવટદારશ્રી | સભ્ય સચિવ |

..૩..

૪. " જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ " ધ્વારા જે તે જીલ્લાના સર્વે અમલીકરણ અધિકારીઓને આમંત્રિત સભ્ય તરીકે બોલાવી શકશે અને તેવા અધિકારીઓ મંડળની વખતોવખતની બેઠકોમાં જરૂરી વિગતો સાથે હાજરી આપશે.

૫. " જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ ધ્વારા જે તે જિલ્લામાં રાજ્ય સરકારના વિવિધ વહીવટી વિભાગો ધ્વારા જે રકમ આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે ફાળવવામાં આવેલ હોય તે પૈકી ૮૦ ટકા જેટલી રકમની યોજનાના ઘડતરનો મુસદ્દો જીલ્લા અમલીકરણ અધિકારીએ તૈયાર કરી જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદારશ્રીએ રજુ કરવાનો રહેશે. મુસદ્દાનું સંકલન કરીને જીલ્લા માટેની વાર્ષિક વિકાસ કાર્યક્રમનો મુસદ્દો જીલ્લા કલેકટરશ્રીના સંપર્કમાં રહીને તૈયાર કરવાનો રહેશે. આ રીતે તૈયાર થયેલ જીલ્લાના વાર્ષિક વિકાસ કાર્યક્રમનો મુસદ્દો જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ સમક્ષ રજુ કરવાનો રહેશે. જીલ્લા કક્ષાએ અમલમાં મૂકવામાં આવનાર યોજનાઓની ઉપયોગીતા અને સરકારતા અંગે ચર્ચા વિચારણા કરીને રજુ થયેલ જીલ્લાના વાર્ષિક વિકાસ કાર્યક્રમનો મુસદ્દો યોગ્ય લાગે તેવા સુધારા વધારા સાથે યોજનાઓના અગ્રતાક્રમ પણ આપવાનો રહેશે.

૬. આમ, આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અમલમાં મુકાનારી બધી યોજનાઓને જીલ્લા આદિજાતિ વિકાસ મંડળે બહાલી આપ્યા બાદ સબંધિત અધિકારી ધ્વારા તેવી યોજનાઓની દરખાસ્ત સબંધિત ખાતાના વડા મારફતે વહીવટી વિભાગને મોકલી આપવાની રહેશે. અને આવી દરખાસ્તની બે નકલો આદિજાતિ વિકાસ વિભાગને મોકલી આપવાની રહેશે. આમ, આ રીતે જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ ધ્વારા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રાજય સરકારના વિવિધ વિભાગો ધ્વારા જીલ્લા કક્ષાએ અમલમાં મુકાતી ૮૦ ટકા જેટલી યોજનાઓના ઘડતરનું કામ અને અમલીકરણની સમીક્ષા અંગેની બધી કામગીરી હાથ ધરવાની રહેશે. રાજ્ય સરકારના જુદા જુદા વહીવટી વિભાગોના જીલ્લા કક્ષાના અમલીકરણ અધિકારીએ " જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ " ધ્વારા આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવાનું રહેશે. અને તે મુજબ અમલવારી પણ કરવાની રહેશે. જીલ્લા આદિજાતિ વિકાસ મંડળ ધ્વારા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ મંજુર થયેલ યોજનાના અમલીકરણ અંગે ત્રિમાસિક ધોરણે સમીક્ષા પણ કરવાની રહેશે.

..૪..

સદરહુ મીટીંગમાં બીન સરકારી સભ્યોને હાજરી આપવા માટે આવે તો તેમને સરકારના વખતોવખતના સુધારેલા હુકમો અનુસાર તેઓને આવવા જવા બદલના મળવા પાત્ર ભથ્થા ચુકવવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા. ૧૫-૭-૯૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(પી.કે.ચાવડા)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

X માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી
- બધા જ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/ અંગત મદદનીશશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આયોજન) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
X ગુજરાત આદિજાતિ વિકાસ ~~પ્રોજેક્ટ~~ આયોજન બોર્ડના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી સભ્યશ્રીઓ
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર
- નાયબ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- સર્વે ખાતાના વડાઓ
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ/ નાયબ પ્રા.વ.શ્રીઓ/ પ્રોજેક્ટ ઓફીસર્સ
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ
- નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઈલ
X પત્ર વ્યવહાર